ગાંધીનગર સમાચાર
તા. ૯-૩-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

સાહેબનો મોંઘામૂલો 'સાક્ષીભાવ'

ભારતના પહેલા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ પૂજાપાઠ કે કર્મકાંડમાં નહોતા માનતા. આધુનિક ભારતના વિશ્વકર્મા ગણાતા નહેરુને મન ભાખરાનંગલ બંધ કે નર્મદા ડેમ જેવી વિકાસ યોજનાઓ સવાઈ મંદિર હતાં. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર 'માતાજી'ના ચુસ્ત ભકત છે. વરસમાં બબ્બે નવરાત્ર શ્રદ્ધાળુ શક્તિપૂજકની જેમ પરંપરાગત પદ્ધતિના ઉપવાસ રાખે છે, ભૂમિ શયન કરે છે. એમની આ શ્રદ્ધાનું બીજ છેક બાળવયમાં રોપાયું હશે. મુખ્યમંત્રી બન્યા પછી એમણે આ કર્મકાંડ સાથે પોતાની જાતને સાંકળવામાં કશી શરમ કે ક્ષોભ નથી અનુભવ્યો. 'સાક્ષીભાવ' પુસ્તકમાં નરેન્દ્ર મોદીની આ શ્રદ્ધનો વલવલાટ આલેખાયેલો છે. ત્રણ દાયકા અગાઉ અકિંચન અવસ્થામાં લખાયેલી આત્મનિવેદનની રચનાઓ અઢળક ખ્યાતિમાં આળોટતા સર્જકની મૂળ ચેતનાનો દસ્તાવેજ છે. છત્રીસ વર્ષની ઉંમરે એમણે ડાયરી સ્વરૂપે જગજ્જનની મા અંબા સાથે કરેલો આ આત્મિક સંવાદ હવે ઈમેજ પબ્લિકેશન દ્વારા જનસાધારણને રૂા. ૭૫૦ જેવી ખાસ્સી મોંઘી કિંમતે ઉપલબ્ધ કરાવાયો છે. શ્રી શ્રી રવિશંકરે આ કૃતિઓને કવિતાનો દરજ્જો આપ્યો પરંતુ સ્વ. સુરેશ દલાલે એ રચનાઓની સાચી કદર કરી છે. એમના આગ્રહને વશ થઈને જ મોદીએ એમની આ સાવ અંગત રહી શકાય એવી લાગણીને ગ્રંથસ્થ કરવા સંમતિ આપી હતી. છત્રીસ વર્ષની વય એ કોઈ પણ સર્જકની સર્જકતાનો ફુલ્લપ્રફુલ્લ યૌવનકાળ, સર્જનની વસંત ઋતુ ગણાય. મોટાભાગની પ્રેમકથાઓ અને કાલજયી કૃતિઓ આ વયની આસપાસ રચાયેલી જોવા મળે છે. નરેન્દ્ર મોદીએ સાંસારિક ગૃહસ્થ જીવન સાથે નાતો તોડી એકલ પંથ પ્રવાસી તરીકે નવી કેડી કંડારવાનો સંકલ્પ કર્યો હતો. સંઘના પ્રચારક તરીકે એ અકિંચન જીવન જીવતા હતા. એ અકિંચન યુવાનની શ્રદ્ધાનું નિરૂપણ મા અંબા સાથેના સીધા સંવાદ સ્વરૂપે સહજભાવે કાગળ પર ઊતરતું ગયું. નરેન્દ્ર મોદી પંચાસરાની નજરે ચડી ગઈ ન હોત તો આ બધી કૃતિઓ- જેમને સુરેશ દલાલ પ્રાર્થનામય કાવ્યો કે કાવ્યમય પ્રાર્થનાઓ કહી બિરદાવે છે- અગ્નિના હવાલે થઈ ગઈ હોત. મોદીએ આ વાત ''સાક્ષીભાવ'ના લોકાર્પણ ટાણે સ્વમુખે કબૂલી હતી. ગુણવંત શાહની ભીના ભીના શબ્દોમાં લપેટાયેલી મોદી-આસક્તિ અને શ્રીશ્રી રવિશંકરના આશીર્વાદ સાથે સંપન્ન થયેલ કાર્યક્રમ આજલગીના ગુજરાતી સાહિત્યના કોઈપણ કાર્યક્રમ કરતાં વધારે જનસંખ્યા ધરાવતો હતો અને એવી જ ભવ્યતા સાથે સંપન્ન થયો હતો. 'સાક્ષીભાવ' જેવા આધ્યાત્મિક પુસ્તકની આટલી મોંઘી કિંમત સામાન્ય વાચકને ન જ પોસાય, પરંતુ મોદી સાહેબની સહી સાથે એ પુસ્તક રૂા. ૫૦૦ની નજીવી કિંમતે મળતું હોઈ લોકાર્પણ સંપન્ન થયા પછી પ્રકાશકને ખાસ્સી રોકડી થઈ ગઈ હતી. પુસ્તક વગર મોદી સાહેબને મળવા જવા દેવાતા ન હોઈ રડયા ખડ્યા, 'મુંહદિખાઈ' પૂરતા આવી ચડેલા સાહિત્યકારોને એ સોનેરી તક (જે કેજરીવાલને પણ નથી સાંપડતી એવી તક) ગુમાવવી પડી હતી. સામાન્ય રીતે રોજના હિસાબે સમીક્ષા માટે મફતમાં પુસ્તકો મેળવતા રહેતા પ્રસિદ્ધ સાહિત્યકારો પુસ્તકો ખરીદવા ટેવાયેલા જ નથી હોતા, એમાં પણ આવાં મોંઘાં પુસ્તકો તો તેઓ હરગિજ ખરીદી શકે નહીં. સમૃદ્ધ ગુજરાતનાં ઉદ્યોગ્રહો અને ભાજપના સમર્પિત કાર્યકરો ઉપરાંત મોદીપ્રેમમાં ગળાડૂબ બ્યુરોક્રેટસ જેવો વિશિષ્ટ વાચક વર્ગ મળતો હોય ત્યાં 'સાક્ષીભાવ'ની હજારો નકલો અને અનેક આવૃત્તિઓ થઈ શકે, એમાં શી નવાઈ? સ્વાભાવિક છે કે એમના રાજકીય દબદબાને લીધે ગુજરાતી સાહિત્યમાં બેસ્ટસેલર ગુણવંત શાહ કરતાં નરેન્દ્ર મોદીનાં પુસ્તકો વધુ જ વેચાય. અલબત્ત, 'સેકયુલર' શબ્દની સતત ઝાટકણી કાઢતા ગુણવંત શાહને પોતાની સરખામણીમાં મોદીને વાંચનાર અને સાંભળનારની સંખ્યા વધારે હોય એની મીઠી ઈર્ષ્યા જરૂર થતી હશે. સર્જકમાત્ર રજોગુણી જીવ હોય છે. મોદી તો ત્રિગુણાતીત 'મહાત્મા' છે! જે કંઈ કરે છે તે બધું સાક્ષીભાવે જ કરતા હોઈ એમને કર્મ વળગતું નથી. ધાર્યું હોત તો એ સતત શબ્દરત રહી નોંધપાત્ર સર્જનાત્મક લેખન કરી શકયા હોત, એની સાક્ષી છત્રીસ વર્ષે રચાયેલી આ પ્રાર્થનાઓનું રળિયામણું ગદ્ય પૂરે છે.

ગાંધીનગર સોશ્યલ એકટીવીટી ગ્રુપ દ્વારા ૬ શાળાના બાળકો માટે કાર્યક્રમો યોજાયા

પોકેટમની બચાવી ગરીબ વિદ્યાર્થીઓ પાછળ ખર્ચ કરશે

ગાંધીનગર, તા.૮

શહેરની સરકારી પ્રાથમિક શાળાઓમાં ગાંધીનગર સોશ્યલ એકટીવીટી ગ્રુપ દ્વારા સેવાકીય અને વિદ્યાર્થીઓની આંતરીક શકિતઓ વિકસાવવાનું કાર્ય કરે છે ત્યારે ગઈ કાલે સેકટર-૨૮ પ્રાથમિક શાળા ખાતે એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ભાગ લીધેલા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

હાલના સમયમાં પોતાની પોકેટમની અન્ય લોકોની પાછળ વાપરતા અને સેવાકીય કાર્યોમાં આપતા દાનવીરોની ખુબ તંગી છે ત્યારે નગરની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો માટે સોશ્યલ એકટીવીટી ગ્રુપ કાર્ય કરી રહી છે. ગ્રુપના ૫૦થી વધુ સભ્યો એ પોતાની પોકેટ મનીના બચાવેલા રૂપિયા વિદ્યાર્થીઓ પાછળ વાપરે છે. ગ્રુપે શહેરની ૬ શાળાઓ, સેકટર-૨૮-૧, ૨ સેકટર-૨૯-૧, ૨, સેકટર-૩૦ અને જીઈબી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે એક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા સેકટર-૨૮ પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવી હતી. જેમાં ૬ શાળાના ધોરણ ૩ થી ૮માં અભ્યાસ કરતા ૭૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ધોરણ પ્રમાણે ઈનામ આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ માટે પ્રથમ સાઈકલ, બીજુ સ્કુલ બેગ-ફાઈલ-બોલપેન સહિતના ઈનામ આપવામાં આવ્યા હતાં.

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૮

સરગાસણ ખાતે આવેલી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં ગઈ કાલે ધોરણ-૧૨ના સાયન્સના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગરની પાસે આવેલા સરગાસણ ખાતેની ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા અને બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારોહ ગાંધીનગર સમાચારના તંત્રીશ્રી કૃષ્ણકાન્ત જહાની અધ્યક્ષતામાં યોજાયો હતો.

આ પ્રસંગે શ્રી જહાએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે જીવનમાં કોઈ પણ કાર્ય કરતા પહેલા ખૂબ જ મહેનત કરવી જોઈએ અને આત્મ વિશ્વાસ કેળવવો જોઈએ તેમણે વિદ્યાર્થીઓને ભવિષ્યની કારકિર્દીમાં ઉંચા શિખરો પર બિરાજમાન થાઓ તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

તેમજ શાળાના ટ્રસ્ટી દલસાણીયાએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે ભવિષ્યમાં સફળતા મેળવી સમાજને ઉપયોગી થવા જણાવ્યું હતું અને વી.બી. વૈષ્ણવે વિદ્યાર્થીઓનો જીવનમાં આવતા સામાજીક પડકારોનો સામનો કેવી રીતે કરવો અને જીવનમાં રૂપિયા કરતા કર્મને મહત્વ આપવાની ગુરુ ચાવી આપી હતી.

વિદાય સમારોહના અંતે વિદ્યાર્થીઓએ ડીજેના તાલ પર પરંપરાગત ગરબા અને બોલીવુડના ગીતો પર ડાન્સ સાથે ઝુમી ઉઠયા હતા. શાળા દ્વારા વિદ્યાર્થીઓ પરીક્ષાને લઈને ચિંતા મુકત થાય તે હેતુથી ડાન્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

હરિની દૃષ્ટિ...

બેટા કેજરીવાલ આપણાં શહેરમાં આવવાનાં હતા તે સાચું પણ, આ બધા બીજા લોકો છે...!

મહિલા દિનની પૂર્વ સંધ્યાએ મહિલાઓને શિખવ્યા અંધશ્રધ્ધા અને કાનૂનના પાઠ

ગાંધીનગર, તા.૮

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પૂર્વ સંધ્યાએ સેકટર-૨૩ તેજસ સોસાયટી ખાતે મહિલા જાગૃતિ અને મહિલા અધિકારીઓની સમજણ આપતી કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશમાં અને રાજયમાં મહિલાઓ ઉપર થઈ રહેલા અત્યાચારોથી મહિલાઓને જાગૃત કરવામાં અનેક સંસ્થાઓ આગળ આવી રહી છે ત્યારે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની પૂર્વ સંધ્યાએ નગરના સેકટર-૨૩ની તેજસ સોસાયટીમાં કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરમાં ગાંધીનગરના જાણીતા ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદીએ મહિલાઓને વિવિધ કાયદા અને કાનૂની ધારાઓની વિસ્તૃતમાં સમજણ પૂરી પાડી હતી તેમજ શિબિરમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત દરેક નારીએ પોતાના મતનો ઉપયોગ કરી યોગ્ય સરકાર રચવા માટે મતદાન કરવું જોઈએ

આ પ્રસંગે નિસર્ગ સાયન્સ સેન્ટરના વડા અનિલ પટેલે ઉપસ્થિત મહિલાઓને અંધશ્રધ્ધા દૂર કરવા અને ખોટી માન્યતાઓમાં ન જીવવા માટે વિસ્તૃત સમજણ પૂરી પાડી સલાહ સૂચનો કર્યા હતા. શિબિરમાં સુધાબેન પટેલ, લતાબેન ચોકસી, સુધીર દેસાઈ સહિત મોટી સંખ્યામાં મહિલાઓએ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

બીટકોઈન અદૃશ્ય કરન્સી - જગતને તારશે કે ડુબાડશે ?

રઝળપાટ

- અજય ઉપાધ્યાય

સિંગાપોરના સાઉથ ઈસ્ટ એશિયન સીટીના એક એપાર્ટમેન્ટની ફર્શ પર પડેલી એક લાશ પાસે ઉભેલો તપાસકર્તા પોલીસ પોતાની ડાયરીમાં ટપકાવી રહ્યો હતો - નામ ઓટ્મેન રેડેક, ઉમર '૨૮ વર્ષ, ધંધો' નાણાકીય સંસ્થાની સીઈઓ, મૃત્યુનું -થમિક કારણ આપઘાત. પણ આ યુવાન મહિલાના અકાળે અવસાનનું નાણાકીય જગતમાં ચર્ચાતું કારણ હતું - બીટકોઈન!! બીટકોઈનના ખાતે જેનું મોત બોલી રહ્યું છે એવી આ ઓટ્મેન રેડેક કઈ પહેલી નથી. છેલ્લા લગભગ એકાદ મહિનામાં જગતભરમાં નાણાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા માંધાતા કહી શકાય એવા નવેક લોકોના અકાળે અવસાન થયા છે. ડચ બેન્કનો ભૂતપૂર્વ સીનીયર એકઝ્યુંકેટીવ ૫૮ વર્ષીય વિલિયમ બ્રોકિસ્મત ૨૬ જાન્યુઆરીએ લંડનમાં મૃત મળેલો, કાર્લ સ્લીમ કે જે ટાટા મોટર્સ નો મેનેજીંગ ડાઈરેકટર હતો એ બેન્કોકમાં મરણ પામેલો મળેલો ૨૭મી જાન્યુઆરીએ, એ જ દિવસે જે પી મોર્ગનની કર્મચારી ગેબ્રીયલ મેગીએ લંડનમાં જ જીવ છોડેલો, અમેરિકન બેંકનો ચીફ ઈકોનોમીસ્ટ માઈક હુકાર સહીત નવેક નાણાકીય સંસ્થાઓના માંધાતાઓ એક પછી એક અકાળ મૃત્યુને વરેલા. ઓફકોર્સ આ બધા જ મૃત્યુના દેખીતા કારણો અલગ અલગ છે. અમુકની હજુ તપાસ ચાલુ છે પણ લગભગ બધા જ મૃત્યુ ને એક જ ચીજ સાથે સંભવિત જોડાણ છે અને એ છે બીટ કોઈન અને બીટકોઈન ની ઉથલપાથલ. નામ અને તેની સાથેના વિવરણ પરથી જ સમજી ગયા હશો કે મૃત્યુ પામેલા આ લોકો કોઈ નાનાસુના નહિ પણ પોતપોતાના ક્ષેત્રમાં ટોચના સ્થાને હતા. શરૂઆતમાં જેની વાત કરી એ ઓટ્મેન રેડેકની ઉજ્જવળ કારકિર્દીની શરૂઆત ફક્ત ૨૨ જ વર્ષની નાની ઉમરથી થઈ ગયેલી અને એના પોર્ટફોલિયોમાં એપલ જેવી વિશ્વની ટોચની કંપની સાથે કામ કર્યાની યશકલગી પણ હતી. જો કે ઉપર લખ્યા એ બધા જ મોતમાં બીટકોઈનનું નામ ખુલ્લી રીતે તો નથી જ ખુલ્યું પણ જગતભરમાં હાહાકાર મચાવી દેનાર અને ખુબ જ ટૂંકા ગાળામાં છવાય જનાર આ અદ્રશ્ય કરન્સીના ઉતાર ચઢાવ ને આ બધા જ મૃત્યુ સાથે કોઈ ગાઢ સંબંધ હોય એ રીતે જોવાય રહેલ છે. કોણ છે આ કાળમુખુ બીટકોઈન? આવો જાણીએ જગતની આ લેટેસ્ટ વિનિમય પદ્ધતિ પર.

વસ્તુઓના વિનિમય અને સમાજવ્યવસ્થા મુજબ માનવીને વિનિમય માટે એક ચોક્કસ ચલણ કે નાણાના સ્વરૂપની જરૂરીયાતનો ખ્યાલ પાષણ યુગથી જ આવી ગયેલો. વિશ્વમાં વ્યાપાર માટે , વસ્તુઓની ખરીદ વેચાણ માટે, આપ - લે માટે દરેક દેશનું એક ચોક્કસ નાણું અમલમાં છે જેને આપણે કરન્સી કહીએ છીએ. માનવી જયારે પથ્થર યુગમાં જીવતો હતો ત્યારથી લઈને રાજા - મહારાજાઓના શાશનકાળમાંથી પસાર થતા થતા સભ્ય અને આધુનિક સમાજ સુધી પહોચેલા કાળા માથાના માનવી એ સમયે સમયે વિવિધ -કારના ચલણો અથવા તો નાણાના સ્વરૂપોનો વિકાસ કરેલ છે. શરૂઆત પથ્થરને કરન્સી તરીકે સ્વીકારીને થયેલી પછી જેમ જેમ સમાજ અને સાથે સાથે માનવી વિકસિત અને બુદ્ધિમંત થતો ગયો તેમ તેમ એમાં પરિવર્તનો લાવતો ગયો. પથ્થરના ચલણથી શરુ કરેલી આ નકદ નારાયણની યાત્રા ચામડા, તાંબા, ચાંદી અને સોનાના ચલણો સ્વરૂપે વિકાસ પામ્યા. આ નાણાના બદલાવ નો આગલો પડાવ હતો કાગળની નોટો અને મેટલના સિક્કા જે હજુ પણ એટલા જ સર્વ વ્યાપિત અને અસરદાર કરન્સી તરીકે જગતમાં ચાલતા છે . ૨૦ મી સદીમાં આ કરન્સીના કકળાટમાં ક્રેડીટ કાર્ડ / ડેબિટ કાર્ડ અને પ્લાસ્ટિકમનીના સ્વરૂપે વધુ એક આધુનિક ઉમેરો થયો ૨૦૦૮ સુધી તો આ પેપર, મેટલ ને પ્લાસ્ટિક મની કે કરન્સી નો દબદબો યથાવત રહ્યો અને હજુ પણ છે જ પણ ૨૦૦૮માં આવી એક નવી અને કૈક અંશે વિચિત્ર કહી શકાય એવી કરન્સી અને એ હતી બીટકોઈન!!!

કોઈ નાના છોકરાને પણ પૂછો કે નાણું એટલે શું ? તો એ તરત જ ખિસ્સામાંથી ૫ કે ૧૦ ની નોટ કે એક કે ૨ રૂપિયાનો સિક્કો કાઢીને આપણને બતાવશે અને કહેશે કે આ છે નાણું યાની કી પૈસા. આપણી સમજ એવી છે કે નાણું એટલે જેને આપણે એક હાથમાંથી બીજા હાથમાં ફેરવી શકીએ. જેનું એક ચોક્કસ સ્વરૂપ હોય, ચોક્કસ દેખાવ હોય. આકાર હોય મતલબ કે જેનું એક ભૌતિક સ્વરૂપ હોય. પણ આજે દુનિયા ટેકનો લોજીકલી એટલી બધી આગળ નીકળી ગઈ છે કે નાણાના આપણા આ સજ્જડ ખ્યાલો ને એક જ જાટકે રદિયો આપવો પડે એવી એક કરન્સી બજારમાં આવી જે અદ્રશ્ય છે અર્થાત એને પકડી નથી શકાતી , એનો કોઈ આકાર નથી , રંગ નથી, દેખાવ નથી કે નથી એનું કોઈ ભૌતિક સ્વરૂપને છતાય એ વિનિમયનું કામ કરે છે. પ્લાસ્ટિક, મેટલ કે કાગળની કરન્સી દ્વારા કરાતા બધા જ કામો આ નવી અને આધુનિક કરન્સી કરી બતાવે છે!! છે ને ૨૧મી સદીના ભેજાઓની કમાલ.

અસલમાં બીટકોઈન એ બીજું કઈ નહિ પણ એક -કારની ડીજીટલ કરન્સી છે. કોમ્પ્યુટરની ભાષામાં કહીએ તો એ એક સોફ્ટવેર છે. ૨૦૦૮ કે ૨૦૦૯માં સાતોશી નાકામોટા જેવું ઉપનામ ધરાવતા એક જાપાનીઝ ભેજાબાજે આની શરૂઆત કરેલી. શરૂઆતમાં બિટકોઈન ડોટ ઓઆરજી નામની વેબસાઈટમાં જઈને તેનો ન્રેગ્રામ ડાઉનલોડ કરવો પડે છે અને આ ન્રેગ્રામમાં ઉપયોગમાં લેવાયેલી ડીજીટલ/ સાંકેતિક પદ્ધતિને સંપૂર્ણ રીતે ઉકેલવાની હોય છે. તેને ઉકેલી શકે તેને અમુક બિટકોઈન પુરસ્કારરૂપે મળે છે. જે ન્રેગ્રામ ડાઉનલોડ કર્યો હોય તેના ડિજિટલ ખાતામાં તે જમા થઈ જાય છે ડાઉનલોડેડ પ્રોગ્રામમાં તેના ઉકેલનારનું એડ્રેસ અને પાસવર્ડ જનરેટ થાય છે. બિટકોઈન આ એડ્રેસમાં જમા થઈ જાય છ. આ આખી પ્રક્રિયાને માઈનિંગ તરીકે ઓળખવામાં આવે છે મતલબ કે વેપાર શરુગત્ત. હવે તમે બિટકોઈન ના માલિક છો તમે એને કરન્સી તરીકે યુઝ કરીને ખરીદ વેચાણ કરી શકો છો. શેરબજારની જેમ બિટકોઈનની હેરાફેરી કરી શકાય છે. લઈ શકાય છે અને વહેચી શકાય છે. પણ ડીજીટલ કરન્સી હોવાને લીધે અને તેનું કોઈ સ્વરૂપ ના હોવાથી એ જે તે વ્યક્તિના ખાતામાં જ જમા થયેલી રહે છે અને એટલે જ બિટકોઈનને ક્રિપ્ટો કરન્સી પણ કહે છે કેમકે આ આખી પ્રક્રિયામાં ક્રિપ્ટોગ્રાફીનો ઉપયોગ સેફ્ટીના સંદર્ભમાં થાય છે. આની મદદથી ખાતાધારીની માહિતી અને ખાતું સુરક્ષિત રખાય છે . બિટકોઈનના વ્યવહારમાં સ્પેશ્યલાઇઝડ કોમ્પ્યુટરોનો ઉપયોગ કરાય છે અને આ પેમેન્ટ કરી આપનાર ને 'માઈનર્સ' સ્પેશિયલ કોમ્પ્યુટર્સમાં જયાં બિટકોઈન સ્ટોર કરવામાં આવે છે એને 'વોલેટ; કહે છે મતલબ કે તમારું પાકીટ. આ પર્સમાં તમારું નાણું જમા થયેલું હોય છે. બિટકોઈનના વ્યવહારો જે ખાતાવહીમાં સચવાય છે એનું નામ છે 'બ્લોક્ચેઈન' આનાથી કોણે કેટલા વ્યવહારો કર્યા એનો ખ્યાલ રહે છે . બહુ સરળતાથી સમજાવવું અને સમજવું મુશ્કેલ રહે એવી આ આધુનિક કરન્સી માટે એટલું કહી શકાય કે બીટકોઈન એ ૨૧મી સદીની કમ્પ્યુટર દ્વારા સર્જાયેલી નવી ચલણ પદ્ધતિ છે જેને ઈલેક્ટ્રોનિક ફોર્મમાં કમ્પ્યુટરની હાર્ડ ડિસ્ક, યુએસબી, પેનડ્રાઈવમાં કે પેપરના ફોર્મમાં રાખી શકાય છે

ધીરે ધીરે આ અદ્રશ્ય કરન્સીની લપેટમાં આખું વિશ્વ આવતું જાય છે. બીટકોઈનના સર્જકો એ ૨૦૪૦ સુધીમાં ૨.૧૦ કરોડ બીટકોઈનનું સર્જન કરવાનું નક્કી કર્યું છે મતલબ કે વધુમાં વધુ આટલા બીટકોઈન ૨૦૪૦ સુધીમાં વિશ્વના વિનિમય બાઝારમાં રમતા મુકવાની એમની ગણતરી છે અને અત્યાર સુધીમાં અંદાજે ૧ કરોડથી ઉપર બીટકોઈનનું સર્જન થઇ ચૂક્યું છે અને નવાઈની વાત એ છે કે એમાંથી સૌથી વધુ જથ્થો અમેરિકા અને ચીન પાસે છે. એમાંય ચીનને બીટકોઈનનું ઘેલું જબરદસ્ત છે . ચીનના બીટીસીઆઈના એક્ષચેન્જ મારફત લગભગ ૬૦૦ કરોડના સોદાઓ થાય છે મતલબ કે વિશ્વના ત્રીજા ભાગના બીટકોઈન ના સોદાઓ અહીથી થાય છે અને હેરતની વાત એ છે કે હજુ તો ગયા વર્ષે જુનમાં શરુ થયેલું આ એક્ષચેન્જ અત્યારે વિશ્વનું સૌથી મોટું બીટકોઈન એક્ષચેન્જ છે. એ જ રીતે જાપાનનું એમ ટી ગોક્ષ પણ સૌથી મોટું એક્ષચેન્જ હતું , હતું એટલા માટે કે ગયા મહિને જ આ એક્ચ્ચેજે ૪૦૦ મિલિયન ડોલરના બીટકોઈન ખોવાઈ જવાની વાત કરી ને નાદારી નોંધાવેલી. ફરિયાદમાં કહેલું કે કોઈ હેકર્સે લગભગ નવેક લાખ બીટકોઈન ગાયબ કરી દીધેલા જેને લીધે એકાદ લાખ લોકોની રકમ ડુબી ગઈ છે. યસ આ છે બીટકોઈન નો સૌથી મોટો ખતરો . મૂળે આ એક ડીજીટલ કરન્સી છે અને અમૂર્ત સ્વરૂપે અને કોમ્પ્યુટરની હાર્ડ્ડ્રાઈવ જ એનું કાયમી નિવાસ સ્થાન છે એટલે સદૈવ આવા હેકર્સ દ્વારા ચોરાઈ જવાની બીક રહેવાની જ. બીટકોઈનના ભાવ પણ શેરના ભાવની જેમ ભારે ઉતાર ચઢાવનો શિકાર બનતા રહે છે. અત્યારે બીટકોઈન નો ભાવ સાંભળશો તો આખો ફાટી પડશે, આ લખાય છે ત્યારે બીટકોઈન નો એક્ષચેન્જ રેટ ૬૫૦ ડોલરની આસપાસ છે જે એક સમયે ૧૨૦૦ ડોલર સુધી અપ થયેલો.

વિદેશોમાં તો હવે બીટકોઈનથી વિનિમયની સિસ્ટમ અમલમાં આવતી જાય છે. ઘણા ખરા મોલો અને સ્ટોરો માં તમને 'અમે બીટકોઈન સ્વીકારીએ છીએ' એવા બોર્ડ જુલતા જોવા મળે અરે સ્થાવર જંગમ મિલકતોના સોદા પણ બીટકોઈનમાં થવાના શરુ થઈ ગયેલ છે. વર્જીન ગ્લેકટીક નામની કમ્પનીએ તો અવકાશયાત્રની રકમને પણ બીટકોઈનથી સ્વીકારવાની જાહેરાત કરી દીધી છે. કેનેડાના વાનકુવરમાં તો ૨૦૧૨માં બીટકોઈન નું એટીએમ પણ ખુલ્લું મુકાયું. તમને થશે કે કરન્સી જ અમૂર્ત છે તો એટીએમમાં થી શું નીકળશે ? પણ એવું નથી તમે તમારી હાર્ડ ડિસ્કને ત્યાં લઈ જઈને કરન્સીની લેવડ દેવડ કરી શકો છો. મતલબ કે બીટકોઈન હાલની -વર્તમાન કરન્સીની જેમ જ કાર્ય કરે છે. બીટકોઈન એક વૈશ્વિક કરન્સી બની રહી છે ત્યારે બીજી તરફ ભારતમાં હજુ આ બીટકોઈન પા પા પગલી ભરી રહ્યું છે. અત્યાર સુધીમાં ભારતમાં અંદાજે ૩૫૦૦૦ બીટકોઈન ડાઉનલોડ થયા છે. બોમ્બે એક્ષચેન્જની આસપાસ એનું ટ્રેડીગ થાય છે પણ હજુ આપણે ત્યાં એ ખુબ જ -થમિક તબકામાં છે અને એનું કારણ એ છે કે બીટકોઈન કોઈ સલામત અર્થવ્યવસ્થા નથી. સામાન્ય રીતે અર્થવ્યવસ્થા માં વિનિમય ના અમુક ચોક્કસ નિયમો અને અંકુશો હોય છે. જે તે કરન્સીના વ્યવહારો અને ગૂંચવણોને નિયંત્રિત કરતુ કે દેખરેખ રાખતું એક ચોક્કસ તંત્ર હોય છે કે જે વિનિમય અને નાણાકીય ગૂંચો ઉભી થાય એવે વખતે વપરાશકર્તા કે કરન્સી ધરાવનારના હિતોને -થમિકતા આપે પણ બીટકોઈનની બાબતમાં ખાટલે મોટી ખોટ એ છે કે તેના પર કોઈ જ નાણા સંસ્થાનું નિયંત્રણ જ નથી . કોઈ પણ -કારના આર્થિક નીતિનિયમોની નીચે હજુ સુધી બીટકોઈન ને આવરી લેવાયું નથી એના લીધે જાપાનના એક્ષચેન્જમાં બનેલા બનાવ જેવા વખતે રોકાણકારને માથે હાથ મૂકી ને રોવા સિવાય અત્યારે તો બીજો કોઈ ઉપાય કે રસ્તો દેખાતો નથી જ અને એના થોડાક વ્યાજબી કારણો પણ છે.

બીટકોઈન એ એક ઓપન સોફ્ટવેર છે જેને ગમે તે અને ગમે તેવી રીતે કોઈ પણ ઉપયોગ કરી શકે છે. બીટકોઈન પર કોઈ જ નાણા સંસ્થાનો અંકુશ ના હોવાથી લેવડદેવડની માત્રા અને એના ભાવ બેફામ પણ બની શકે છે જે સરવાળે તો કોઈ પણ દેશની અર્થવ્યવસ્થાને નુકશાનકારક જ બની શકે છે . બીટકોઈનના પરમ પૂજય પિતાશ્રી બીજું કોઈ નહિ પણ કોમ્પ્યુટર છે મતલબ કે જો એ બગડ્યું તો ગઈ ભેસ પાની મેં અથવા તો તમારી હાર્ડ ડિસ્ક જો કોઈ ના હાથે ચડી તો ગયા તમારા બીટકોઈન. સૌથી વધુ ઘાતકી મુદ્દો છે અને સાથે સાથે એટલો જ સંવેદનશીલ પણ કે બીટકોઈનની હેરફેરને ટ્રેસ કરવી મુશ્કેલ છે ખાસ કરીને ગુનાહિત -વૃતિઓમાં થતી બીટકોઈનની હેરાફેરીને નાથવી હાલના તબક્કે તો અતિ મુશ્કેલ છે જેને લીધે આતંકવાદીઓ , ડ્રગ ડીલરો કે કાળા ને ગોરખ ધંધા કરનારાઓ માટે આ સ્વર્ગ સમાન છે પણ એનાથી વિપરીત જે તે દેશની સામાજિક અને આર્થીકવ્યવસ્થા માટે એ એટલી જ ઘાતક સાબિત થઈ શકે છે. હવાલાના કારોબારને વેગ મળે અને અનૈતિક -વૃતિઓમાં વપરાતા કાળાનાણાના સ્રોતમાં પણ વૃદ્ધિ થઈ શકે છે. બિલકુલ એ જ રીતે બીટકોઈનનો વેપાર એ એક -કારના સટ્ટા જેવું જ છે અને અમુક જ લોકોના હાથમાં હોવાથી સટ્ટાખોરી ને જન્મ આપે છે જેને લીધે બીટકોઈનની કિમતોમાં આસમાની - સુલતાની થવાની શક્યતા રહેલી છે જો કે શક્યતા શું પણ એવું થઈ પણ રહ્યું જ છે. જાન્યુઆરી ૨૦૧૩ માં ૧૩ ડોલરના ભાવ વાળો બીટકોઈન નવેમ્બર ૨૦૧૩માં સીધો ૧૦૦૦ ડોલરની ઉપર પહોચી ગયેલો . સટોડિયાના હાથમાં રમતી આ કરન્સીના આ સૌથી મોટા ભયસ્થાનને લીધે જ કદાચ હજુ સુધી વિશ્વના કોઈ દેશે એને અધિકૃત કરન્સીની માન્યતા નથી આપી . ભારતીય રિઝર્વ બેન્કે પણ બીટકોઈનના ઉપયોગ સામે ચેતવણી જારી કરતા જણાવ્યું છે કે?? કે તેના જેવી અન્ય કોઈપણ અમૂર્ત ડિજિટલ ચલણના ઉપયોગ, તેના દ્વારા ચુકવણીના માધ્યમને કોઈપણ મધ્યસ્થ બેન્ક કે નાણાકીય સત્તા દ્વારા અધિકૃત ગણવામાં આવ્યું નથી. તેને કોઈપણ -કારનું કાનૂની સમર્થન કે આધાર આપ્યો નથી. તેથી તેના વાપરનારાઓ માટે જોખમ ભા થઈ શકે તેમ છે. યુરોપની સરકારોએ પણ આવું જ વલણ અખત્યાર કર્યું છે. અમેરિકાના ચૂંટણી પંચે રાજકીય પક્ષો ઉપર બીટકોઈન દ્વારા કોઈપણ -કારની લેવડદેવડ કરવા ઉપરપ્રતિબંધ મૂક્યો છે તો ચીને પણ ત્યાંની નાણાકીય સંસ્થાઓ ઉપર બીટકોઈનની લે-વેચ કરવા ઉપર -તિબંધ મૂકી દીધો છે. આમ સરવાળે અને હાલ તુરંત તો એવું લાગે છે કે બીટકોઈન ના વપરાશ માં ફાયદા કરતા જોખમો વધુ છે છતાં પણ જે ઝડપે અને જે રીતે પુરા વિશ્વ માં નાણાની આ અદ્રશ્ય કરન્સી પોતાનો પગપેસારો કરી રહી છે એ જોત